**પરિપત્ર**

**સમય મર્યાદા**

નં.અપગ/વિ.સંસ્થાઓ/સ.સુ.ખા./૨૦૧૦/૫૮૧૦
નિયામક સમાજ સુરક્ષા ખાતાની કચેરી
બ્લોક નં.૧૬.ડૉ.જીવરાજ મહેતા ભવન
જુના સચિવાલય, ગુ.રા.ગાંધીનગર
તા.૨૬/૦૫/૨૦૧૦

પ્રતિ,
મંત્રીશ્રી,
વિકલાંગ કલ્યાણની સંસ્થાઓ તમામ,

વિષય:- સંસ્થામાં રહેતા દૃષ્ટીહીન, શ્રવણમંદ,વિકલાંગ,મંદબુધ્ધિ ના બાળકોની માસવાર સંખ્યા દર્શાવતુ પત્રક મોકલી આપવા બાબત:-

આથી સર્વે દૃષ્ટીહીન,,શ્રવણમંદ,વિકલાંગ ,મંદબુધ્ધિના બાળકોની સંસ્થાના પ્રમુખશ્રી,મંત્રીશ્રીઓને જણાવવાનુ કે આપની સંસ્થામાં માસ દરમ્યાન હાજર ,ગેરહાજર,નવા આવનાર તેમજ માસ દરમ્યાન છુટા થયેલ બાળકોની વિગત દર્શાવતુ પત્રક અત્રેની કચેરીએ મોકલી આપવા ફોન દ્વારા વારંવાર જણાવવા છતાં આપની સંસ્થા દ્વારા સમયસર માહીતી મોકલી આપવામાં આવતી નથી,.જે યોગ્ય નથી. વિકલાંગ સંસ્થાઓની સંખ્યાની માહીતી વખતોવખત સરકારશ્રીમાં મોકલવાની રહેતી હોઈ સંખ્યાદર્શક માહીતીનુ પત્રક દર મહીનાની તારીખ -૩ સુધીમાં અત્રે મોકલી આપવા અચુક નોંધ લઈ સબંધિત કર્મચારીઓને આ અંગેની જરૂરી સુચના આપી માહીતી અત્રેની કચેરીએ સમયસર મોકલવા યોગ્ય કરશો.

દર માસે મોકલવાની થતી સંખ્યાદર્શક માહીતી સમયસર અત્રેની કચેરીને મોકલવામાં વિલંબ થશે તો તે અંગે સંસ્થા જવાબદાર રહેશે.ગ્રાન્ટ મેળવતી વિકલાંગ સંસ્થાઓની ગ્રાન્ટ ફાળવણી સમયે આ બાબતો ધ્યાને લેવામાં આવશે

સમાજ સુરક્ષા ખાતા હેઠળની માન્યતા ધરાવતી વિકલાંગ સંસ્થાઓએ પણ સમયસર આ માહીતી રજુ કરવાની રહેશે.આ માહીતી મોકલવામાં વિલંબ થશે તો સંસ્થાનુ રજીસ્ટ્રેશન રીન્યુ કરવાના સમયે ધ્યાને લઈ માન્યતા રીન્યુ કરવામાં આવશે નહી.

વિશષમાં જણાવવાનું કે સંસ્થાને ફાળવવામાં આવેલ ટોચમર્યાદાને ધ્યાને લઈ સ્ટાફ પેટર્ન મંજુર કરવામાં આવેલ છે.તથા તે મુજબ કર્મચારીની નિમણૂક આપવામાં આવેલ છે. ટોચમર્યાદાની સરખામણીએ અમુક સંસ્થાઓમાં વિકલાંગ બાળકોની સંખ્યા ઓછી જણાયેલ છે. જેથી આ અંગે સુવિધાઓનો પ્રચાર પ્રસાર કરી જરૂરીયાત મંદ વિકલાંગ બાળકોને સંસ્થામાં પ્રવેશ આપવાની કાર્યવાહી હાથ ધરવા યોગ્ય કરશો

**( સ્થળપ્રત પર નિયામકશ્રીની સહી છે. )**

**નાયબ નિયામક**
**સમાજ સુરક્ષા ખાતુ**
**ગુ.રા. ગાંધીનગર**

**બિડાણ:-** ( નિયત પત્રક )

**નકલ રવાના:-**જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને જાણ તથા જિલ્લાની સંસ્થાઓની માહીતી સમયસર અત્રે મળે તેમાટે જરૂરી કાર્યવાહી અર્થે

C:\Documents and Settings\Administrator\Desktop\Zala\Letter.doc

## માહે .................અંતીત સંસ્થાના બાળકોની વિગત દર્શાવતુ પત્રક

### ટોચ મર્યાદા :-શાળા:- છાત્રાલય:- સંસ્થાનો પ્રકાર:-

- [ ] પ્રાથમિક શાળા કે કેર
- [ ] નિવાસી શાળા/છાત્રાલય
- [ ] તાલીમી

| ક્રમ | સંસ્થાનુ નામ | માસનીશરૂઆતમાં બાળકોની સંખ્યા | | | માસ દરમ્યાન નવા દાખલ થયેલ બાળકોની સંખ્યા | | | માસ દરમ્યાન રજાપર ગયેલ બાળકોની સંખ્યા | | | કુલ બાળકોની સંખ્યા | | | માસ દરમ્યાન છુટા થયેલ બાળકોની સંખ્યા | | | માસ અંતીત બાળકોની સંખ્યા | | | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | છોકરા | છોકરી | કુલ | છોકરા | છોકરી | કુલ | છોકરા | છોકરી | કુલ | છોકરા | છોકરી | કુલ | છોકરા | છોકરી | કુલ | છોકરા | છોકરી | કુલ | |
| | | | | | | | | | | | | | | | | | | | | |

સ્થળ:-

તારીખ:-

સંસ્થાના વડાની સહી/-